Extra No. 319

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **SATURDAY, OCTOBER 18, 2025 / ASVINA 26, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

જાહેર નોટિસ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ઓક્ટોબર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૭૪)નો.૨.નં.૭૦-૧૦૨૦૨૫-ક-૧૯૦૧૭૧ થી ૧૯૦૧૮૦ :- ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-ડ અને ૨૪૩-વ ક ની જોગવાઈ અનુસાર રાજ્ય ચૂંટણી આયોગની રચના થયેલ છે. રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની મતદાર યાદી, ચૂંટણીઓની કામગીરી ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલ છે.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યમાં યોજાતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં પક્ષીય ધોરણે ઉમેદવારો ઊભા રાખી ચૂંટણી લડવા માટે આયોગના આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-સ્થા.સ્વ.-૨૨૧(૭૪)-નો. ૨.નં. ૭૦-૯૨૦૨૫-ક, તા.૦૬-૦૯-૨૦૨૫થી 'ન્યુ ઈન્ડિયા યુનાઈટેડ પાર્ટી' ને નોંધાયેલ અમાન્ય પક્ષ તરીકે ગણવા આદેશ કરેલ છે.

ઉપરોક્ત પક્ષે તેઓના તા.૨૬-૦૯-૨૦૨૫ના પત્રથી "સાંકળ" પ્રતિકની માંગણી કરેલ છે. ઉક્ત પક્ષને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે "સાંકળ" પ્રતિક કામચલાઉ ધોરણે પાંચ વર્ષ માટે ફાળવવા વિચારેલ છે.

“સાંકળ” પ્રતિકની આકૃતિ/ચિન્હ નીચે મુજબ રહેશે.



તો આ પક્ષને “સાંકળ” પ્રતિક ફાળવવા સામે કોઈપણ શખ્સ, સંસ્થા, સંઘ, મંડળ, રાજકીય પક્ષ, વ્યક્તિ કે જાહેર જનતાને વાંધો કે સલાહ સૂચન હોય તો તે આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નં. ૯, દ્વિતીય માળ, સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦ ને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત દરમ્યાન જો કોઈ વાંધા, સલાહ, સૂચન મળશે તો રાજ્ય ચૂંટણી આયોગ તેની વિચારણા કરી, આગળની કાર્યવાહી કરશે મુદત પૂરી થયા બાદ મળેલ વાંધા, સલાહ, સૂચન ધ્યાને લીધા સિવાય અથવા મુદત દરમ્યાન જો કોઈ વાંધો, સલાહ, સૂચન મળેલ નહી હશે તો રજૂઆત કરનાર પક્ષની માંગણી મુજબ પ્રતિક ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગ નિર્ણય લેશે તેની સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.11.04 18:36:04 IST